| | | | |
|---|---|---|---|
| રજુ તારીખઃ | ૦૭/૧૨/૨૦૨૪ | | |
| દાખલ તારીખઃ | ૦૭/૧૨/૨૦૨૪ | | |
| ફેસલ તારીખઃ | ૧૫/૦૬/૨૦૨૬ | | |
| **અવધિઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૧ | ૦૬ | ૦૮ |

**મહે. એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ–માંડવી**

**ફોજદારી કેસ નં. ૧૨૪૧/૨૦૨૪**
(માંડવી પો.સ્ટે. ગુ.ર.નં.૪૨૯/૨૦૨૪)

**આંકઃ– ૧૯**

**શ્રી સરકાર** ... **ફરીયાદી**

**–વિરૂધ્ધ–**

**ગોપાલ આશા ગઢવી, ઉ.વ.૪૫,**
**રહે. આદેશ હોટલ પાસે, કાઠડા વાડી વિસ્તાર,** ... **આરોપી**
**તા–માંડવી, કચ્છ.**

**ગુન્હોઃ–** **ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એફ) મુજબ**

ફરીયાદ પક્ષ તરફે. વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ઠાકોર
આરોપી તરફે વિ.વ.શ્રી એ.આર.નારેજા

**–ઠરાવ–**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદમાં દર્શાવેલ

તારીખ, સમય અને સ્થળે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં દેશીદારૂ બનાવવાનો આથો લીટર ૪૦૦ કીમત રૂ.૧૦૦૦૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી આવી, પ્રોહી કલમ-૬૫ (એફ) મુજબના શિક્ષાનેપાત્ર ઉપરોક્ત ગુનાનું આંક-૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપીને સમન્સ કરતા, આરોપી અદાલત સમક્ષ તેમના વકીલશ્રી મારફત હાજર થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે આરોપીને તેઓની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ તહોમતનામુ આંક-૦૪ થી ફરમાવવામાં આવેલ આરોપીએ તેઓની વિરૂધ્ધનો ગુનો કબુલ ન હોય અને ટ્રાયલ ચલાવવા માંગણી કરતાં, આરોપીની પ્લી આંક-૦૫ થી નોંધી, આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર કેસ રાખવામાં આવેલ.

**(૨)** આ કામે ફરીયાદ પક્ષે પોતાના પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છેઃ-

**<u>(અ) મૌખિક પુરાવોઃ-</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૧૧ | ફરીયાદી રામભાઇ ખીમરાજભાઇ નાંધાણની જુબાની (પોલીસ સાહેદ) |
| (૨) | ૧૪ | ત.ક.અમલદાર લીલાભાઇ ખુમાભાઇ દેસાઇની જુબાની (પોલીસ સાહેદ) |
| (૩) | ૧૭ | પંચ સાહેદ કરશન રાજદે ગઢવીની જુબાની |

**<u>(બ) દસ્તાવેજી પુરાવોઃ-</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૨ | ફરીયાદીએ આપેલ ફરીયાદ |
| (૨) | ૧૮ | મુદ્દામાલ રીકવરીનું પંચનામુ |

**(૩)** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિષેશમાં ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

**(૪)** ફરીયાદ પક્ષ–શ્રી સદરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ઠાકોર તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી.ની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

**૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદમાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં દેશીદારૂ બનાવવાનો આથો લીટર ૪૦૦ કીમત રૂ.૧૦૦૦૦/– નો પ્રોહી મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી આવી, પ્રોહી કલમ–૬૫ (એફ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?**

**૨. શું હુકમ ?**

**(૬)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છેઃ–

**૧. નકારમાં,**

**૨. આખરી હુકમ મુજબ.**

## – નિર્ણયનાં કારણો–

(૭) ફોજદારી કાર્યરીતિ પ્રણાલી પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓ હર કોઈ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જુવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. સાથો સાથ ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૧૩૯ મુજબ સાહેદોનો જથ્થો મહત્વનો નથી, પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે, જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે નીચે મુદજબના સાહેદો તપાસેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદી રામભાઇ ખીમરાજભાઇ નાંધાણને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ તથા પો.કો. કિરણભાઈ, પો.હે.કો. લીલાભાઇ દેસાઇ એ રીતના પો.સ્ટાફના માણસો માંડવી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા નાના લાયજા કાઠડા તરફ જવાના રસ્તા પર મઈદ પીરની દરગાહ પાસે આવતા બાતમી મળેલ કે કાઠડા ગામનો ગોપાલ આશા ગઢવી ગામની સીમમાં આવેલ બાવળની ઝાડીમાં દેશી દારૂની ભઠી ગાળે છે તેવી બાતમી મળતા બે પંચોના માણસો જેમાં (૧) અર્જુન ગઢવી (૨) કરસન ગઢવી બંને રહે–કાઠડા વાળાને બોલાવી સમજ કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ આવતા કોઇ ઇસમ હાજર મળી આવેલ. બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા ૨૦૦ લીટરની ક્ષમતાવાળા –૨ પ્રવાહી ભરેલ બેરલ મળી આવેલ. જે પંચો રૂબરૂ ચેક કરતા તેમાં પીળા કલરની પ્રવાહી ભરેલ જોવામાં આવેલ તેમાંનું પ્રવાહી પંચો રૂબરૂ તે સુંધી સુંધાડી જોતા દેશી દારૂના આથાની વાસ આવતી હોય તેમાંથી ૩૦૦ મીલી જેટલો સેમ્પલ અર્થે કાચની શીશીમાં ભરી લઈ સેમ્પલ અર્થે કબ્જે કરેલ. મળી આવેલ દેશી દારૂનો આથો લીટર ૪૦૦ કિંમત

રૂ.૧૦૦૦૦/- ગણી સ્થાનીક ઢોળી નાશ કરેલ. તેમજ સદર જગ્યાએથી આથો બનાવવાના સાધનો જેમાં એક તગારૂ એક તરણકુંલ તથા પ્લાસ્ટીકની નળી, ડોલ નંગ-૨ મળી આવેલ તથા ૧૫ લીટરની ક્ષમતાવાળો કેરબો મળી આવેલ તેમાં જોતા તે ભરેલ હોય દારૂ હતો. જેથી તેની ફરીયાદ અલગ આપેલ છે. તે અંગેનું પંચનામુ લીલાભાઇ દેસાઇએ કરેલ. સાથેના પો.કો. કિરણભાઇએ ૬૫-એ.એ. મુજબની અલગથી ફરીયાદ આપેલ. તેઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ તે અસલ ફરીયાદ તેમને બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓલખી બતાવી ફરીયાદ આંક-૧૨ થી રજુ કરે છે. આરોપી કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકે.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી મદ્દામાલ કબજે કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગાયાએ કોની માલીકીની છે તેના આધાર પુરાવા મેળવેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે કે, આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે કે, તેમની રૂબરૂ કોઇ પંચનામુ થયેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે કે, કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે.

**(૮.૨)** આ કામે ફરીયાદી ત.ક.અમલદાર લીલાભાઇ ખુમાભાઇ દેસાઇને આંક-૧૪ તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ તથા પો.કો. કિરણભાઇ, પો.કો. રામભાઇ નાંધાણ એ રીતના પો.સ્ટાફના માણસો માંડવી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા નાના લાયજા કાઠડા તરફ જવાના રસ્તા પર મઇદ પીરની દરગાહ પાસે આવતા બાતમી મળેલ કે કાઠડા ગામનો ગોપાલ આશા ગઢવી ગામની સીમમાં આવેલ બાવળની ઝાડીમાં દેશી દારૂની ભઠી ગાળે છે તેવી

બાતમી મળતા બે પંચોના માણસો જેમાં (૧) અર્જુન ગઢવી (૨) કરસન ગઢવી બંને રહે–કાઠડા વાળાને બોલાવી સમજ કરી પંચો સાથે બાતમીવાળી જગ્યાએ આવતા કોઈ ઇસમ હાજર મળી આવેલ. બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા ૨૦૦ લીટરની ક્ષમતાવાળા –૨ પ્રવાહી ભરેલ બેરલ મળી આવેલ. જે પંચો રૂબરૂ ચેક કરતા તેમાં પીળા કલરની પ્રવાહી ભરેલ જોવામાં આવેલ તેમાંનું પ્રવાહી પંચો રૂબરૂ તે સુંધી સુંધાડી જોતા દેશી દારૂના આથાની વાસ આવતી હોય તેમાંથી ૩૦૦ મીલી જેટલો સેમ્પલ અર્થે કાચની શીશીમાં ભરી લઇ સેમ્પલ અર્થે કબ્જે કરેલ મળી આવેલ દેશી દારૂનો આથો લીટર ૪૦૦ કિંમત રૂ.૧૦૦૦૦/– ગણી સ્થાનીક ઢોળી નાશ કરેલ. તેમજ સદર જગ્યાએથી આથો બનાવવાના સાધનો જેમાં એક તગારૂ એક તરણકુંલ તથા પ્લાસ્ટીકની નળી, ડોલ નંગ–૨ મળી આવેલ તથા ૧૫ લીટરની ક્ષમતાવાળો કેરબો મળી આવેલ તેમાં જોતા તે ભરેલ હોય દારૂ હતો. જેથી તેની ફરીયાદ અલગ આપેલ છે. તે અંગેનું પંચનામુ તેમણે કરેલ, સાથેના પો.કો. કિરણભાઈ તથા રામભાઈએ ૬૫–એ.એ. તથા ૬૫–એફ મુજબની અલગથી ફરીયાદ આપેલ. પી.એસ.ઓ દ્વારા ગુનાની નોંધ કરી આગળની તપાસ તેમને સોંપેલ તપાસ દરમીયાન ફરીયાદ તથા પંચનામુ મેળવેલ આરોપીને મુદ્દત અંદર જામીન મુક્ત કરેલ. તપાસ દરમીયાન સાહેદોના નીવેદન લીધેલા. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. આરોપી કોર્ટમાં હાજર છે જે તે જ છે.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં એ વાતનો સ્વિકાર કરે છે કે, આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી મદ્દામાલ કબજે કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગાયાએ કોની માલીકીની છે તેના આધાર પુરાવા મેળવેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે કે, આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે

કે, આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. એ વાતનો અસ્વિકાર કરે છે કે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮.૩) આ કામે રેઇડ કર્યા અંગેના તથા મુદ્દામાલ રીકવર કર્યાના પંચ સાહેદ કરશન રાજદે ગઢવીને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે, તેઓએ આંક–૧૮ ના રેઇડ કર્યા અંગેના તથા મુદ્દામાલ રીકવર કર્યાના પંચનામામાં ફક્ત પોતાની સહી ઓળખી બતાવે છે, તે સિવાય પંચનામાની હકકીતને લેશ માત્ર સમર્થન આપેલ નથી અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યાર બાદ બચાવ પક્ષ તરફે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

## (૯) <u>મુદ્દા નંબર–૧ ની ચર્ચા</u>

(૯.૧) આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરતાં પહેલા અને એ હકીકત નોંધવી ઘટે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે, આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરાવો રજુ કરીને સાબિત કરવાનો હોય છે. આરોપીના નબળા બચાવનો લાભ ફરીયાદ પક્ષને મળે નહી. આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું સમગ્રતયાં અર્થઘટન કરવામાં આવે તો ફરીયાદ પક્ષ દ્વારા આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત પુરવાર કરવા આ કામે પંચનામાના પંચ સાહેદને તપાસવામાં આવેલ છે. પરંતુ પંચ સાહેદે ફરીયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. જેથી તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. આમ, પંચ સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓની જુબાનીમાંથી આ કામના આરોપીને ગુન્હા સાથે સાંકળીને સજા કરી શકાય તેવી હકીકત જણાઇ આવતી નથી. એટલે કે, આ કામના આરોપીના કબ્જા ભોગવટામાંથી પંચોની હાજરીમાં દેશીદારૂ

બનાવવાનો આથો મળી આવેલ હોવાની કોઈ જ હકીકત પંચ સાહેદ જણાવતા નથી. આમ, હાલના કેસમાં રેડમાં સામેલ અને મુદ્દામાલ દેશીદારૂ બનાવવાના આથાના રીકવરીના પંચ સાહેદ જ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઇ, જેથી ફરીયાદ પક્ષના કેસમાં જ શંકા ઉભી થાય છે.

વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા **State Of Gujarat Versus Sureshbhai S.Patel 2010 (0) AIJEL-HC 224081** ના કેસમાં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે જે નીચે મુજબ છે:

“15. The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness - Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized. It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent-accused. The Trial Court has observed that there are serious lacuna in the oral as well as documentary evidence of prosecution. Nothing is produced on record of this appeal to rebut the concrete findings of the Trial

Court.

16. Thus, the appellant could not bring home the charges against the respondent-accused in the present appeal. The prosecution has miserably failed to prove the case against the respondent-accused. Thus, from the evidence itself it is established that the prosecution has not proved its case beyond reasonable doubt."

આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ પંચ સાહેદોની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

વધુમાં સદર કામે ફરીયાદીને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે સદર સાહેદે ફરીયાદને અનુરૂપ જુબાની આપેલ છે અને તેઓ વિધીવત પ્રકારના સાહેદ છે, ત્યારબાદ સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ સ્વિકારે છે કે, " એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે. એ વાતનો સ્વિકાર કરે છે કે રેડ વાળી જગ્યાએ કોની માલિકીની છે તેના આધાર પુરાવા મેળવેલ નથી." આમ, સદર મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી નહી મળેલ હોવાનું ખુદ ફરીયાદી કબુલ કરે છે અને રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે પરંતુ આ કામે રેકર્ડ જોતા કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લેવામાં આવેલ નથી અને કયા કારણોસર સ્વતંત્ર સાહેદોના નીવેદન લેવામાં આવેલ નથી તે અંગે ફરીયાદી કોઇ ખુલાસો કરતા નથી. તથા સદર રેડ વાળી જગ્યા કોની માલીકીની છે તે અંગે પણ ફરીયાદી કોઇ સ્પષ્ટતા કરી શકેલ નથી. આમ, ફરીયાદીના પુરાવા પરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં આ કામે, ત.ક.અમલદાર લીલાભાઇ ખુમાભાઇ દેસાઇને આંક–૧૪ થી તપાસેલ છે તેઓએ તેમણે કરેલ તપાસને

અનુરૂપ જુબાની આપેલ છે. ત્યાર બાદ સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ સ્વિકારે છે કે, " એ વાત ખરી છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાતનો સ્વિકાર કરે છે કે, રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે. એ વાતનો સ્વિકાર કરે છે કે રેડ વાળી જગ્યાએ કોની માલિકીની છે તેના આધાર પુરાવા મેળવેલ નથી." આમ, તપાસ કરનાર અમલદારની જુબાની ઉપરથી પણ મુદ્દામાલ આરોપીના કબજામાંથી મળેલ હતો એવુ પુરવાર થતુ નથી તથા રેડ વાળી જગ્યાએ માણસોની અવર જવર રહે છે તો શા કારણોથી સદર કામે સ્વતંત્ર સાહેદોના નીવેદન લેવામાં આવેલ નથી તે અંગે પણ કોઈ સ્પષ્ટતા તપાસ કરનાર અમલદાર કરતા નથી કે, તેમણે તેમની તપાસ દરમીયાન ગુનાવાળી જગ્યાની માલીકી અંગેના પુરાવા કયા કારણોથી એકત્ર કરેલ નથી તેની પણ સ્પષ્ટતા તપાસ કરનાર અમલદાર કરતા નથી. આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીના કબ્જા ભોગવટામાંથી દેશીદારૂ મળી આવેલ હોવાની હકીકત શંકાથી પર ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ નથી. **વધુમાં ૧૯૯૬(૩) ક્રાઈમ્સ પેજ નં.૮૫ ઉપર પ્રસિધ્ધ સતીષ મહેરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન** ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે, જ્યારે અદાલતને ચોક્કસપણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો કિંમતી સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી.

આમ, ઉપર મુજબનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરેલ પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણાતો નથી, તેથી ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડતા હોય, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં** આપી, **મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છેઃ–

# **–હુકમ–**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮(૧) અન્વયે આ કામના **આરોપી–ગોપાલ આશા ગઢવી, રહે. આદેશ હોટલ પાસે, કાઠડા વાડી વિસ્તાર,તા–માંડવી, કચ્છ.**વાળાને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એફ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

**(૨)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ છ માસ માટે આરોપીએ રૂ.૫૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જામ–મુચરકા રજુ કરવાં.

**(૩)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ/નિકાલ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ** ૧૫/૦૬/૨૦૨૬
**સ્થળઃ માંડવી**

**(દેવાંશુ શર્મા)**
એડીશ્નલ જ્યુડીશીયલ મેજી.ફ.ક.,
માંડવી–કચ્છ.
કોડ નં.જી.જે.૦૧૬૧૯